RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 206* Date: 24.05.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૬૫૪ નવા કેસ અને ૧૩૭ લોકોનાં મોત

# કોરોના સંકટઃ ચાર-ચાર લોકડાઉન છતાં કેસોમાં સતત વધારો

*ન્યુ દિલ્હી,તા.૨૩*

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા એક પછી એક ચાર-ચાર લોકડાઉન લગાવવા છતાં કોરોના પોઝીટીવ કેસો ઓછા થવાને બદલે વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન ૬,૬૫૪ કેસ નોંધાયા છે જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા સૌથી વધારે કેસ છે. તેની સાથે વધુ ૧૩૭ લોકોના મોત પણ થયા છે. અને દેશમાં કોરોના સંક્રમિત કેસો સવા લાખ પર પહોંચી ગઇ છે.

ભારતમાં જાન્યુ.ના છેલ્લાં સપ્તાહમાં જ્યારે કોરોનાનો પહેલો કેસ નોંધાયો ત્યારે કોઇએ એવી કલ્પનામા પણ નહીં કરી હોય કે કેસની સંખ્યમાં ભારત ચીનથી આગળ નિકળી જશે. આ રોગનો વાઈરસ જે દેશે ફેલાવ્યો હોવાનું મનાય છે તે ચીનમાં ૮૦ હજાર કરતાં સહેજ વધારે જેટલા કેસો નોંધાયા હતા. જ્યારે ભારત હવે તેનાથી આગળ નિકળી જઇને સવા લાખ સુધી કેસો પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન જે ૬૬૫૪ કેસો આવ્યાં તે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધારે છે.

કેન્દ્ર સરકારે ૨૫ માર્ચના રોજ લોકડાઉન-૧ લાગૂ કર્યો તે પછી તેને લંબાવતા લંબાવતા હવે ૩૧ મે સુધી લંબાવવામાં આવ્યું છે. પરંતુ પોઝીટીવ કેસો ઘટવાને બદલે વધી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યુ છે. જે નવા ૬૬૫૪ કેસો એક જ દિવસમાં નોંધાયા તેમાં અડધોઅડધ કેસ મહારાષ્ટ્રના છે. તપ્રબાદ તામિલનાડુ અને ત્રીજા નંબરે ગુજરાત આવે છે.

સૂત્રોએ કહ્યું કે કોરોના વાઈરસનો ચેપ વધતો અટકાવવા કેન્દ્ર સરકારે જનતા કર્ફ્યુ, લોકડાઉન, રાત્રિ કરફ્યુ, માત્ર દૂધ અને દવાની દૂકાનોને જ મંજૂરી અને એવા બધા કડક પગલા લીધા છતાં કેસ વધતા રહ્યાં અને ગણતરીના દિવસોમાં જ કેસો ઝડપથી ૧.૨૫ લાખ સુધી પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં કેટલાક દિવસોમાં તો રોજે રોજ ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે.



કોરોનાના કારણે દેશમાં ૪૨.૩ ટકા લોકોના મોત માત્ર મહારાષ્ટ્રમાં થયા છે. શનિવાર સવાર સુધી કોરોનાના ૨૯૪૦ નવા કેસ સામે આવ્યા હતા. શનિવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આ આંકડા પ્રમાણે ભારતમાં સંક્રમિતોની સંખ્યા સવા લાખને પાર પહોંચી છે. આ અઠવાડિયામાં બીજી વખત એવું થયું છે જયારે એક જ દિવસમાં ૬ હજારથી વધારે કેસ નોંધાયા હોય. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૭ લોકોનાં મૃત્યુ થયાં છે, જે પછી ભારતમાં મહામારીથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૩,૭૨૦ થઈ ગઈ છે. કોવિડ-૧૯થી સંક્રમિતોના સ્વસ્થ થવાનો દર ૪૧ ટકા જેટલો છે. અત્યાર સુધીમાં ૫૧,૭૮૩ લોકો સ્વસ્થ થયા છે. તો બીજી બાજુ મુંબઈથી પ્રવાસી મજૂરોનો જવાનો સિલસિલો યથાવાત છે. પણ ટ્રેન રદ થવાના કારણે તેમને તકલીફ પડી રહી છે, જે પોતાનું બધું લઈને મકાન છોડીને સ્ટેશન પર આવી ગયા હતા. તેમનું કહેવું છે કે હવે અમને અમારા ભાડાના મકાન પાછા નહીં મળે. આમાથી ઘણા મજૂરો ત્રણ દિવસથી વડાલામાં પોલીસ સ્ટેશન પાસે સુઈ રહ્યા છે. તમિલનાડુમાં આવતી કાલથી સલૂન અને બ્યુટી પાર્લર ખુલશે. સરકારે એ માટેની મંજૂરી આપી છે. પહેલી શ્રમિક ટ્રેન ચેન્નાઈથી નાગાલેન્ડના દીમાપુર પહોંચી હતી જેમાં ૧૪૭૭ શ્રમિક સવાર હતા.

દરમ્યાનમાં ,કોરોના સામે લડવા માટે હાઇડ્રોક્સિક્લોકોક્વિન દવા અસરકારક સાબિત થઈ છે. ત્યારે કેન્દ્ર સરકારે હાઈરિસ્ક ઝોનમાં ડ્યૂટી કરતા સ્વાસ્થ્યકર્મીઓ સહિત અન્ય કોરોના વોરિયર્સને એન્ટિબાયોટિક તરીકે હાઇડ્રોક્સિક્લોરોક્વિન આપવામાં આવશે. નેશનલ ટાસ્ક ફોર્સે જણાવ્યું છે કે, આ દવા લેનારા દિલ્હી એઇમ્સમાં સહિત અન્ય હોસ્પિટલોમાં કામ કરતા સ્વાસ્થ્યકર્મીઓમાં સંક્રમણ ફેલાવવાનો ખતરો ઓછો થઈ ગયો છે.

ભારતમાં કોરોના વાયરસ(કોવિડ-૧૯)ના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. રોજ હજારોની સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે શનિવારે જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ૬,૬૫૪ કેસોની અત્યાર સુધીનો સૌથી વધુ વધારો થયો છે અને ૧૩૭ મોત થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૧,૨૫,૧૦૧ છે જેમાં ૬૯,૫૯૭ સક્રિય કેસ અને ૩,૭૨૦ મોત શામેલ છે.

રાજસ્થાનમાં આજે સવારે ૯ વાગ્યા સુધી કોરોના વાયરસના ૪૮ કેસ સામે આવ્યા છે અને ૨ મોત થયા છે. રાજ્યમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૬,૫૪૨ થઈ ગઈ છે અને કોરોના વાયરસથી થતા મોતનો આંકડો ૧૫૫ છે, રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા ૨,૬૯૫ છે. પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસના ૧૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૬ મોત થયા છે. રાજ્યમાં ૨૨ મે સુધી કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૩,૩૨૨ છે. આમાં રિકવર થઈ ચૂકેલા ૧,૨૪૯ કેસ અને ૧૯૯ મોત શામેલ છે.

મહારાષ્ટ્રમાં કુલ સંક્રમિત ૪૪,૫૮૨ મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં ૨,૯૪૦ નવા કેસો સાથે કોરોના વાયરસના કેસોમાં એક દિવસમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૪૪,૫૮૨ થઈ ગઈ છે. અહીં મુંબઈના ધારાવીમાં કોરોના વાયરસના ૫૩ નવા કેસ સામે આવ્યા છે. ધારાવીમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૧,૪૭૮ થઈ ગઈ છે અને કોરોના વાયરસથી થતા મોતનો આંકડો ૫૭ છે

ગુજરાતમાં કુલ કેસ ૧૩,૨૭૩ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૬૩ નવા કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૧૩,૨૭૩ થઈ ગઈ છે. આમાં ૫,૮૮૦ રિકવર થઈ ચૂકેલ કેસ અને ૮૦૨ મોત શામેલ છે.

તેલંગાનામાં ૭૮૬ નવા કેસ સામે આવ્યા છે. રાજ્યમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૧૪,૭૫૩ થઈ ગઈ છે. બિહારમાં કોરોના વાયરસના ૧૧૮ વધુ કેસ સામે આવ્યા છે. હવે રાજ્યમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૨,૧૦૫ થઈ ગઈ છે.પ્રતિદિનની રીતે જોઈએ તો ૧૫ મે પછી કોરોના વાઇરસથી સંક્રમિત થતા લોકોની સંખ્યા પ્રતિદિન નવા ૩ હજારથી વધીને હવે સરેરાશ છ હજારની આસપાસ પહોંચી ગઈ છે. જોકે એવું પણ કહેવાય છે કે ટેસ્ટિંગ વધારવાને લીધે સંખ્યા વધી છે.

### ફિક્કીના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં નાણાંમંત્રીનું મોટુ નિવેદન

## આત્મનિર્ભર ભારતનો અર્થ એ નથી કે આયાત બંધ કરી દઈશું : સીતારમણ

*ન્યુ દિલ્હી,તા.૨૩*

દેશ કોરોના સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટા પાયે આત્મનિર્ભર અભિયાનની શરૂઆત કરી છે. સરકારે લોકડાઉનના કારણે મંદ પડેલ અર્થતંત્રને વેગ આપવા માટે સ્પેશીયલ પેકેજની પણ જાહેરાત કરી છે ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાનના કારણે આયાત મુદ્દે ઘણી આશંકાઓ સેવાઈ રહી છે ત્યારે ફિક્કીના પ્રતિનિધિઓ સાથેની એક બેઠકમાં નાણામંત્રીએ મોટું નિવેદન આપ્યું છે.

દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે ફિક્કીના અધિકારીઓ સાથેની બેઠકમાં કહ્યું કે 'આત્મનિર્ભર ભારતનો અર્થ એ નથી કે અમે આયાત પર અંકુશ લગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અભિયાનનો અર્થ છે આપણી તાકાત પાછી મેળવવી અને નવી તાકાતનું નિર્માણ પણ કરવું. '

દેશ આત્મનિર્ભર બનવા જઈ રહ્યો છે ત્યારે વેપારીઓના મનમાં આયાતને લઇને ઘણી આશંકાઓ છે. ત્યારે આ આશંકાઓને દૂર કરવા માટે નાણામંત્રીનું આ નિવેદન મહત્વનું કહી શકાય. તેમણે વધુમાં કહ્યું કે 'આપણે આત્મનિર્ભર બનવું હોય પણ એનો અર્થ એ નથી કે આપણે સંરક્ષણવાદી બની જઈએ. આપણે પોતાની જ તાકાતથી વૈશ્વિક શ્રુંખલાઓનો ભાગ બનવાનું છે.

નિર્મલા સીતારમણે આશ્વાસન આપતાં કહ્યું કે સરકાર કોઈ પણ જ્વલંત મુદ્દાની તપાસ કરવા માટે તૈયાર છે. આ સિવાય ઉદ્યોગપતિઓને વિશ્વાસ અપાવતા તેમણે કહ્યું કે સરકારે કરેલાં નિર્ણય પર તમે કોઈ પણ પ્રતિક્રિયા આપી શકો છે. બેઠકમાં સામેલ એક પ્રતિનિધિએ કહ્યું કે હવે બીજા બજેટને આવવામાં મહિનાઓની વાર છે તેથી સરકાર બધા જ મુદ્દાઓ પર નિર્ણયો લેવા તૈયાર છે.

## કોરોના સંકટ વચ્ચે સિક્કિમમાં ૧૫ જૂનથી સ્કૂલ-કૉલેજો શરૂ થશે

*ગંગટોક,તા.૨૩*

કોરોના સંકટની વચ્ચે સિક્કિમ સરકારે ૧૫મી જૂનથી સ્કૂલ અને શિક્ષણ સંસ્થાઓ ખોલવાનો નિર્ણય કર્યો છે. કોરોના મુક્ત સિક્કિમ સ્કૂલ ખોલનાર દેશનું પહેલું રાજ્ય હશે. રાજ્યના શિક્ષણ મંત્રી કુંગા નીમા લેપચાએ કહ્યું કે આ નિર્ણય મોટા ધોરણ અને બોર્ડની પરીક્ષાઓનું મહત્વ જોતા લીધો છે.

સિક્કિમના શિક્ષણ મંત્રી કુંગા નીમા લેપચા એ કહ્યું કે અમે તમામ સ્કૂલ અને કોલેજ ૧૫મી જૂનથી ફરી ખોલી રહ્યા છીએ. અમે ૯ થી ૧૨ ધોરણની સ્કૂલ શરૂ કરીશું જ્યારે નર્સરી થી આઠમા ધોરણ સુધીના ક્લાસીસ હજુ રદ રહેશે. સોશિયલ ડિસ્ટેન્સિંગને જોતા સ્કૂલોમાં સવારની પ્રાર્થનાની મંજૂરી નહીં. તેમણે કહ્યું કે આઠમા ધોરણ સુધીના કલાસ આગળના આદેશ સુધી રદ રહેશે.

બાકી કલાસીસ માટે સિક્કિમમાં ઓનલાઇન શિક્ષણ વ્યવસ્થા પણ ચાલુ રહેશે. શિક્ષા મંત્રીએ કહ્યું કે વાર્ષિક પરીક્ષાઓ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી ટાલી દેવામાં આવી છે. આથી અભ્યાસ પર વધુ ધ્યાન આપી શકાય. તેની સાથે જ શનિવારના રોજ પણ સ્કૂલો ખૂલશે. કોલેજ અને યુનિવર્સિટીમાં બે શિફ્ટો ચાલશે. આ દરમ્યાન સોશિયલ ડિસ્ટેંસિંગ અને અન્ય સુરક્ષાના માપદંડોનું પાલન કરવું જરૂરી હશે.

### મજૂરોએ કહ્યુ અમને અમારા વતન પહોંચાડી દો

## રાહુલ ગાંધીએ યુટ્યુબ પર શેર કરી ડોક્યુમેન્ટ્રી, પ્રવાસી મજૂરોનું દર્દ છલકાયું

*ન્યુ દિલ્હી,તા.૨૩*

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે પ્રવાસી મજૂરોને લઈને એક ડૉક્યુમેન્ટ્રી જારી કરી છે. જેમાં જોઈ શકાય છે કે રાહુલ મજૂરોને પૂછે છે કે તેમની પાસે રૂપિયા છે કે નહીં. તેમને કેવી રીતે ખબર પડી કે દેશમાં લોકડાઉન ચાલુ છે. રાહુલે જે મજૂરો સાથે વાત કરી છે કે યુપીમાં ઝાંસીના નિવાસી છે અને હરિયાણાની એક ફેક્ટરીમાં કામ કરે છે. વાતચીતમાં તેમણે જણાવ્યુ કે તેમને એક પૈસાની પણ મદદ મળી નથી.

પ્રવાસીઓએ રાહુલને જણાવ્યુ કે તેમના ઘરેથી બહાર નીકળવુ ગુનો થઈ ગયો છે. પોલીસ સિવાય સ્થાનિક લોકો પણ તેમને બહાર નીકળવા પર મારતા હતા.

પોલીસવાળા બે વાર આવતા હતા. એક મહિલાએ ભાવુક થઈને રાહુલને કહ્યુ કે અમને અમારા ગામ પહોંચાડી દો. અમને પાછા હરિયાણા ના પહોંચાડતા. અમારે ગામડે જવુ છે. મજૂરોએ જણાવ્યુ કે હરિયાણામાં જ્યા રહેતા હતા ત્યાં પાંચ-પાંચ હજારનો સામાન છુટી ગયો છે જે પાછો આવી શકતો નથી.રાહુલ ગાંધીએ કહ્યુ કે લોકડાઉન લાગુ થયે હવે લગભગ બે મહિના થઈ ચૂક્યા છે. ભારત લાખો પ્રવાસી પુરૂષો, મહિલાઓ અને બાળકોની તસવીરો અને વીડિયોથી શરમજનક સ્થિતિમાં મૂકાયા છે. જે સુરક્ષિત પોતાના વતન અને ગામ જવાની પૂરી રીતે પ્રયત્ન કરી રહ્યા છે. હાઈવે પર કેટલાય કિલોમીટર ચાલીને, ટ્રકોમાં અથવા દરેક રીતે વાહન દ્વારા પોતાના ઘર તરફ જતા આ પ્રવાસીઓની તસવીરો અને વીડિયોએ દરેક ભારતીયને હચમચાવી મૂક્યા છે.

આની પહેલાં રાહુલ ગાંધીએ વીડિયો ટીઝર રજૂ કર્યું હતું. વીડિયોમાં રાહુલ ગાંધી પૂછતા દેખાય છે કે કેટલાં દૂર તમારે ચાલીને જવાનું છે. વીડિયોમાં એક શખ્સ જવાબ આપે છે કે ૧૦૦ કિલોમીટર. એક મહિલાએ કહ્યું કે હવે અમે કયારેય પાછા આવીશું નહીં.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૩૯૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો :૧૩૬૬૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ૨૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૨૮૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૬૧૬૯**

## કોવિડ-૧૯ વેક્સીનની ટ્રાયલ બીજા ફેઝમાં, બાળકો અને વૃદ્ધોમાં થશે તપાસ

*લંડન,તા.૨૩*

કોરોના વાયરસના વધતા દર્દીઓ વચ્ચે એક *સારા સમાચાર છે. કોરોના* વાયરસની સારવાર માટે બ્રિટેનમાં જે વેક્સીનની ટ્રાયલ થઈ રહી છે, તે હવે બીજા ફેઝમાં પહોંચી ગઈ છે.

આ પ્રયોગ સફળ થવા પર તેને ૧૦ હજારથી વધુ લોકો પર લગાવવાની તૈયારી કરવામાં આવી રહીછે. ભારતે પણ આ વેક્સીનના ટ્રાયલને ૮૦ ટકા સફળ થવાની આશા વ્યક્ત કરી છે.

મહત્વનું છે કે પાછલા મહિને ઓક્સફોર્ડ યુનિવર્સિટી સંશોધકે વેક્સીનનો પ્રભાવ અને સુરક્ષાની તપાસ કરવા માટે એક હજારથી વધુ વોલટિઅર્સ પર તેની ટ્રાયલ કરી હતી. વૈજ્ઞાનિકોએ શુક્રવારે જાહેરાત કરી કે હવે તેમનો પ્લાન બ્રિટેનમાં બાળકો અને વૃદ્ધો સહિત ૧૦,૨૬૦ લોકો પર વેક્સીનની ટ્રાયલ કરવાનો છે.

ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં વેક્સીન વિકસિત કરવાના કામમાં લાગેલી ટીમને લીડ કરી રહેલા એંડ્રયૂ પોલાર્ડે કહ્યુ, ક્લિનિકલ સ્ટડી ખુબ સારી રીતે આગળ વધી રહી છે. અમે તે વસ્તુની તપાસ કરી રહ્યાં છીએ કે વૃદ્ધોમાં આ વેક્સીન કેટલી અસરકારક થાય છે. જેથી તેની જાણકારી મેળવી શકાય કે શું આ રસી તમામ લોકોને સુરક્ષા ઉપલબ્ધ કરાવી શકે છે.વેક્સીન ક્યારે બનીને તૈયાર થશે, તેના પર પોલાર્ડે એક ન્યૂઝ વેબસાઇટને કહ્યુ કે, વેક્સીનને લઈને હજુ કોઈ ભવિષ્યવાણી કરી શકાય નહીં. ;સંપૂર્ણ રીતે સક્ષણ વેક્સીન બનીને તૈયાર થઈ જશે, તેના પર પણ તેમણે કોઈ જાણકારી આપી નથી. તેમણે કહ્યુ કે, તે જણાવવુ ખુબ મુશ્કેલ છે કે ત્યાં સુધી વેક્સીન સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને ગેટંરીની સાથે કહી શકાશે કે વેક્સીનથી મહામારીને રોકવાનું સંભવ છે.

## અમેરિકા આકરા પાણીએઃ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી

*વૉશિંગ્ટન,તા.૨૩*

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસને લઈને સતત ચીન પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ચીની સ્ટૉક માર્કેટમાંથી અબજો ડોલર અમેરિકન પેન્શન ફંડ પરત લેવાની જાહેરાત બાદ અમેરિકાએ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી છે. અમેરિકા એવી કંપની અને સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરી રહી છે જે કથિત રીતે ચીનના સૈન્ય સાથે જોડાયેલી છે. ટ્રમ્પ સતત આરોપ લગાવી રહ્યા છે કે કોરોના વાયરસ ચીનની વુહાન લેબમાં તૈયાર થયો હતો અને તેને જાણી જોઈને દુનિયામાં ફેલાવવામાં આવ્યો હતો.

અમેરિકાના વાણિજય મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે, ×સાત કંપની અને બે સંસ્થાને બ્લેકલિસ્ટ કરી દેવામાં આવી છે. આ કંપનીઓ ઉઇગર અને અન્ય લોકોના માનવાધિકારના હનનના ચીનના અભિયાન સાથ જોડાયેલી હતી. આ અભિયાન અંતર્ગત મોટી સંખ્યામાં લોકોને કારણ વગર કસ્ટડીમાં લેવામાં આવે છે અને તેમની પાસે મજૂરી કરાવવામાં આવે છે અને તેમના પર નજર રાખવામાં આવે છે.× આ ઉપરાંત બે ડઝન અન્ય કંપની, સંસ્થાઓ અને વેપાર સંગઠનોને ચીનની કંપનીને સામાન પહોંચાડવાને કારણે બ્લેકલિસ્ટમાં નાખવામાં આવી છે.

બ્લેકલિસ્ટ કરવામાં આવેલી કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ફેશિયલ રેકગ્નાઇઝેશન જેવા ટેક્નોલોજીના ક્ષેત્રમાં કામ કરે છે. નોંધનીય છે કે અમેરિકાની જ મોટી કંપની જેમાં ઈન્ટેલ કોર્પ અને એનવીડિયા કોર્પ શામેલ છે જેમણે તેમાં મોટું રોકાણ કર્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# સહાય પેકેજના નામે લોકોના હાથમાં ગાજરની પીપૂડી.....!?

વિશ્વભરમાં કોરોનાગ્રસ્ત દેશોએ પોત પોતાના દેશની અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા લોક ડાઉન હટાવવા સહિતના પગલાં લઈને કે પરિસ્થિતિ અનુસાર છુટછાટ આપીને વિવિધ ઉત્પાદન એકમો, ધંધા, માર્કેટ, વેપાર શરૂ કરાવી દીધા છે. તો આજે પણ કોરોના સંક્રમિતોના નવા કેસો રોજે રોજ બહાર આવી રહ્યા છે.. છતાં હવે કોરોના સાથે જીવવું પડશે તે બાબતનો વિશ્વભરના લોકોએ સ્વીકાર કરી લીધો છે જેમાં ભારત પણ બાકાત નથી. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧.૨૩ લાખને આંબવાની તૈયારીમાં છે જ્યારે મૃતાક ૩૭૦૮ પર પહોંચી ગયો છે.. પરંતુ વિવિધ રાજ્યોમા ઁંષ્ઠાહ્વુંહ વિસ્તારોમાં નાના-મોટા ઔદ્યોગિક એકમો,માર્કેટો, ધંધા-રોજગાર શરૂ કરવાની છૂટ છાટ આપ્યા પછી લોકોમાં હાશકારો થયો છે. નોકરિયાતો, મજૂરો, રોજમદારો, ગરીબો,મધ્યમ વર્ગ પોત પોતાના કાર્યમાં જોતરાઈ ગયા છે. જોકે જે તે ઉત્પાદન એકમોમાં શ્રમજીવીઓની મોટા પ્રમાણમાં અછત સર્જાઈ છે જેના કારણે જરૂરી પ્રમાણમાં ઉત્પાદન ઘટી ગયું છે. જો કે લોકોની ખરીદ શક્તિ પણ ઠેબે ચડી ગઈ છે. ચીજવસ્તુઓની જરૂર હોવા છતાં લોકો ખરીદી શકતા નથી કારણ ખીસામા પૈસા નથી... સરકારે પણ ગરીબ, શ્રમજીવી, મધ્યમ વર્ગ સહિતના લોકોને આર્થિક સહાય કે મદદ આપવામાં પાછી પાની ભરે છે... અને ફરી એકવાર સ્વનિર્ભર બનવાના મોદીજીએ દેશના લોકોને આપેલા મહામંત્રને કારણે લોકો દોડતા થઈ છે.... લોકોને ૨૦ લાખ હજાર કરોડનું પેકેજ આપ્યું જેમા ગરીબો, શ્રમજીવીઓ, મધ્યમ વર્ગને કોઈ જ આર્થિક સહાય નથી આપી. પરંતુ લોન આપવાની વાત છે જેની વિગતો જાણ્યા પછી લોકો ખુદ કહેતા થઈ ગયા છે કે આ સરકારની ગરીબ, શ્રમજીવીઓ કે મધ્યમ વર્ગની પડી જ નથી એટલા માટે તેમના બેંક એકાઉન્ટમાં નાણાકીય સહાયના બદલે સહકારી બેંકો દ્વારા લોન લેવાની વાત છે...જે હાથમાં ગાજરની પીપૂડી પકડાવી દીધી હોવાનુ લાગે છે.....!?

દેશભરના લોકો મહામારીનો સામનો કરી રહ્યા છે ત્યારે કુદરત ભયાનક વાવાઝોડા રૂપે બંગાળ, ઓરિસ્સા સહિતનાં દરિયા કાંઠાના રાજ્યોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ ત્યાંની સરકારોએ પોત પોતાની રીતે લોક બચાવ સહિતના વિવિધ પગલાં ભર્યા છે તેના વડાપ્રધાનશ્રી મોદીજીએ બંગાળ સરકારે લીધેલા મહામારી અને વાવાઝોડાથી લીધેલા બચાવના પગલાની ભારે પ્રશંસા કરી છે..... જેનાથી ખુદ ભાજપાની નેતાગીરી મૂંઝવણમાં મુકાઈ ગઈ છે.....! કારણ કે ભાજપા મમતા સરકારને નાની નાની બાબતોને મોટું સ્વરૂપ આપી ને ભીડવા માટે સતત પ્રયત્ન કરતો હતો. હવે જો બંગાળ ભાજપા નેતા આવું કંઈ કરશે કે મમતા પર આક્ષેપ કરશે તો મોદીએ જાહેરમાં આપેલ સારી કામગીરીનુ સર્ટીફીકેટ રજુ કરશે.... અને કદાચ મમતા ચૂંટણીમાં મોદીજીએ કરેલા વખાણનો ફાયદો ઉઠાવશે તે નિશ્ચિત છે....! ત્યારે સંબિત પાત્રા રાજસ્થાન સરકારને ભેરવવા જતાં ખુદ ભરાઈ પડયા.. રાજ્ય સરકારે યુપી સાથે કરેલા આર્થિક વ્યવહાર અનુસંધાને યુપી સરકારનો પત્ર જાહેરમાં રજુ કરતા સોશિયલ મીડિયા પર લોકોએ સંબિત પાત્રાની ધોલાઈ કરી નાખી અને સંબીત પાત્રાને પોતાની મેટર ડિલિટ કરી નાખી તે સાથે ગુમ થઈ ગયા છે.....!

ગુજરાતમાં સુરત ખાતે પર પ્રાન્તિઓને વતન જવા કોંગ્રેસ દ્વારા ટિકીટના પૈસા આપવામાં આવતા હતા... જેના વીડિયો વાયરલ થતાં ગુજરાત સરકારે સુરત રેલ્વે સ્ટેશન કોંગ્રેસના નાના-મોટા નેતાઓને પ્રવેશબંધી કરી દીધી હતી.... તો પત્રકાર- મીડિયાને પણ જવા દેવાયા ન હતા જેના ઘેરા પ્રત્યાઘાત લોકોમા પડયા છે. લોકો અને શ્રમજીવીઓ કહે છે કે સરકાર વતન પહોંચાડવા તૈયાર નથી અને ટિકિટ ભાડા આપનારને અટકાવે છે.... તો શું ભાજપામાં શ્રમજીવીઓ- મજૂરો વિરોધી છે કે શું.....? મીડિયામાં મોટી મોટી વાતો કરે છે ટ્રેનો મૂકી, બસો મુકી પણ કોઈને વતન જવા ટિકિટના નાણાં કે ખાવા-પીવાનું આપ્યું નહીં....આ કેવી માનવતા કહેવાય.....? અને મદદ કરનારને અટકાવવા એ કેવી નીતિ.....? યુપીમાં પ્રિયંકા ગાંધીએ વતન પહોંચાડવા બસોનું ભાડું ચૂકવી બસો મૂકી અને વતન જનારાઓને ખાવા-પીવા સહિતની સહાય કરી જેના કારણે યુપીમા સરકારતો ભીડાય પરંતુ બસપા અને સપા ભરાઈ પડ્યા છે. શ્રમજીવીઓ મજુરો કોંગ્રેસનો આભાર માને છે..... ટૂંકમાં રાજકીય ક્ષેત્રે સત્તાધારીઓ વિપક્ષ સારું કામ કરે,સહાય કરે તેને પણ સહન કરી શકતા નથી.....! ત્યારે આપણા દેશનું રાજકારણ કઈ કક્ષાએ નીચે જઈ રહ્યું છે..... કે જ્યાં માનવતાને પણ હણી નાખવામાં આવે છે.....?! તેવો સવાલ આમ પ્રજામાં ઉઠવા પામ્યો છે......!? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૪/૦૫/૨૦૨૦, રવિવાર, જેઠ સુદ-૨
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૪૫ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૪ સુધી,૧૪-૨૪ થી શુભ-૧૬-૦૩ સુધી,૧૯-૨૩ થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૧૨થી ૧૦-૩૧ સુધી,૧૧-૩૭થી ૧૨-૪૪ સુધી, ૧૪-૫૭થી ૧૮-૧૬ સુધી, ૧૯-૨૩ થી ૨૦-૧૬ સુધી |

# ૨૦ લાખ કરોડ રુપિયાનું પેકેજ-સુધારાઓની જીડીપી પર ખાસ અસર નહી પડે : ફોરેન ઈકોનોમિસ્ટ્સ

વોશિંગટન

વિદેશી અર્થશાસ્ત્રીઓ મુજબ ભારત સરકારના હાલમાં જાહેર કરેલા ૨૦ લાખ કરોડ રુપિયાના પેકેજ અને સુધારાની જીડીપી પર કોઇ ખાસ અસર પડશે નહી,તેમના મુજબ પેકેજ અને સુધારાનો લાભ ત્રણ વર્ષના લાંબાગાળે જોવા મળશે.બેન્ક ઓફ અમેરિકા (બોફા) અને નોમૂરાના અર્થશાસ્ત્રીઓએ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૨૦ લાખ કરોડ રુપિના આર્થિક પેકેજની જાહેરાત થયા પછી પણ જીડીપી વૃદ્ધિદરના તેમના અનુમાનોને પહેલાના અનુમાનો પૂરતા સિમિત રાખ્યા છે. બોફાએ ૨૦૨૦-૨૧માં જીડીપીમાં ૦.૧ ટકા અને નોમૂરાએ પાંચ ટકા ઘટાડાનું અનુમાન લગાવ્યુ હતું.



કેન્દ્ર સરકારે કોવિડ-૧૯ મહામારી વચ્ચે અર્થવ્યવસ્થામાં પ્રાણ પૂરવા માટે ૨૦ લાખ કરોડ રુપિયાના પેકેજની જાહેરાત કરી હતી.આ પેકેજની રકમ જીડીપીના ૧૦ ટકા સમાન છે.નાણામંત્રી નિર્મલા સીતારમણે પેકેજની વિગતવાર માહિતી આપવા માટે પાંચ દિવસ સુધી પત્રકાર પરિષદ સંબોધી હતી.

જાપાની બ્રોકરેજ કંપની નોમૂરાના અર્થશાસ્ત્રીના કહેવા મુજબ ભારત સરકારનુ આર્થિક પેકેજ કેટલાક વ્યવસાયોની સમસ્યાઓને ટૂંકા ભવિષ્યમાં સમાધાન કરવામ માટે નબળુ સાબિત થશે, પરંતુ આ પેકેજ ભારતની મધ્યમકાલિન વૃદ્ધિ સંભાવનાઓ માટે યોગ્ય રીતે તયાર કરવામાં આવ્યુ છે.તેના દીર્ઘકાલિન જોખમ મૂડીને આકર્શવામાં મદદરુપ સાબિત થશે.જોકે તેમનુ માનવુ છે કે,સરકારના આર્થિક પેકેજમાં ખાસ આકર્ષણની કોઇ બાબત નથી.જોકે બોફાના અર્થશાસ્ત્રીઓનું મંતવ્ય અલગ છે તેમના મુજબ ખેતી,ખનન, વીજળી અને ઉદ્યોગ,રક્ષા ક્ષેત્રમાં મોટુ વિદેશી રોકાણ અને તમામ ક્ષેત્રોને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લા મૂકવા જેવા પગલા આવનારા સમયમાં વિકાસને મજબૂત બનાવશે.તેમનુ અનુમાન છે કે ટૂંકા ભવિષ્યમાં જૂન ત્રિમાસિકમાં જીડીપી ૧૨ ટકા સુધી ઘટી શકે છે અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં આ દર ૦.૧ ટકા જેટલુ ઘટી શકે છે.નોમૂરાના નિષ્ણાંતોનુ માનવુ છે કે સરકારના આર્થિક પેકેજને લીધે નાણાકીય ખાદ્ય પર માત્ર ૦.૮ ટકાની અસર પડશે.૨૦૨૦-૨૧ના અંત સુધી ભારતની નાણાકીય ખોટ ૭ ટકા સુધી પહોચી શકે છે.

# રેલવે વિભાગનો મહત્વનો નિર્ણય આજથી રેલ્વે કાઉન્ટર પરથી અને એજન્ટ દ્વારા પણ થઈ શકશે ટ્રેનની ટિકિટ બુક

ભારતીય રેલ્વેએ મુસાફરોને વધુ એક સારા સમાચાર આપ્યા છે. દેશમાં ૧ જૂનથી જે ૨૦૦ પેસેન્જર ટ્રેન દોડાવવાની છે. ઘોષણા કર્યા પછી રેલવે મંત્રાલયે ટિકિટ બુક કરાવવા માટેના ઓનલાઈન બુકીગ સિવાયના વિકલ્પોને પણ લીલીઝંડી આપી દીધી છે. ૨૨ મેથી એટલે કે આજથી રેલવે વિભાગ દ્વારા નક્કી કરેલા સ્ટેશન પર શરૂ થશે રિઝર્વેશન કાઉન્ટર.

મર્યાદિત સ્ટેશનો પર ફરીથી કામગીરી શરૂ કરવાનો રેલવે વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર હવે મુસાફરો ૨૦૦ ટ્રેનો માટેની ટિકિટ રેલ્વે કાઉન્ટર પરથી અને એજન્ટ મારફતે પણ બુક કરાવી શકશે. જેમાં ગુજરાતમાં અમદાવાદ, ભુજ, ગાંધીધામ, પાલનપુર, મહેસાણા અને વિરમગામ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે રિઝર્વેશન કાઉન્ટર ખોલવામાં આવશે. લોકોએ પણ સોશિયલ ડિસ્ટનસનું પાલન કરવાનું રહેશે. માત્ર બુકિંગ કરાવેલી જ ટિકિટ મળશે. ટિકિટનું રિફન્ડ હાલ પૂરતું બંધ રખાવામાં આવ્યું છે.

# ધનસુરાના આમોદરા ગામના ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ

## અરવલ્લીમાં વધુ એક કેસ નોંધાયો, અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી કુલ-૧૦૩ પોઝીટીવ કેસ નોધાયેલ છે.

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં કોરોનાના નો વધુ એક કેસ પોઝિટીવ નોંધાયા છે.ધનસુરા તાલુકાના આમોદરામાં ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેને લઈને આમોદરા ગામને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું છે.

જિલ્લામાં રોજે રોજ છુટા છવાયા કોરોનાના કેસ પોઝીટીવ આવી રહ્યા છે ત્યારે ધનસુરાના આમોદરા ગામના ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જેના પગલે આ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો હતો.તકેદારીના ભાગ રૂપે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ ધ્વારા દર્દીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્ય તંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર ધ્વારા આ વિસ્તારોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો અને અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી કુલ-૧૦૩ પોઝીટીવ કેસ નોધાયેલ છે. તે પૈકી કુલ – ૭૬ પોઝીટીવ દર્દીઓની સારવાર પૂરી થયા બાદ તેઓને કોવિડ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ધનસુરા તાલુકામાં ૨૧-૦૫-૨૦૨૦ના રોજ કોરોના ના ૪ કેસ નોંધાયા હતા. ત્યાર બાદ ફરી એક કેસ નોંધાયો છે. આમોદરા ગામમાં કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે આમોદરા ગામને COVID-19 નો Containment Area તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્કિનીંગ કરાશે.આ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

## બે શખ્શોની ધરપકડ, એક આરોપી ફરાર

# મોડાસા ટાઉન પોલીસે કતલખાને પહોંચે તે પહેલા ૭ પશુઓને બચાવી લીધા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાંદ ટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે મોડાસા ટાઉન પોલીસે માજુમ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં કતલખાને ખસેડવા બાંધી રાખેલ ૫ ગૌવંશ અને ખાલીકપુર નજીકથી છોટા હાથીમાં કતલખાને લઈ જવાતા બે બળદ સાથે બે શખ્શોની અટકાયત કરી ૨.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

લોકડાઉનની અમલવારીમાં વ્યસ્ત બનેલી પોલીસનો લાભ અસામાજિક તત્વો લઈ રહ્યા છે મોડાસા ટાઉન પીઆઈ સી.પી વાઘેલા અને તેમની ટીમે માજુમ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં બાવળના ઝાડ સાથે બે ગાય અને ત્રણ બળદ બાંધી રાખી કતલ માટે બાંધી રાખ્યા હોવાની બાતમી મળતા રેડ કરી ૫ ગૌવંશને બચાવી લીધું હતું પોલીસરેડ જોઈ કસાઈ ઈશાક હસન મુલતાની ફરાર થઈ જતા ૨ ગાય અને ત્રણ બળદ કી.રૂ.૬૫૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કસાઈને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા માલપુર-મેઘરજ બાયપાસ રોડ પર ખલીકપુર ગામ નજીકથી પસાર થતા પીકપડાલાને અટકાવી છોટા હાથી (મીની ટ્રક) કતલખાને લઈ જવાતા બળદ નંગ-૨ કી.રૂ.૨૦૦૦૦/- ને ઝડપી પાડી ૧) પ્રવીણ જેઠાભાઇ પટેલ (રહે,રેવાસ-ઇડર) અને ભૂરા રામજીભાઈ નિનામા (રહે,સિયાસણ-ઇડર) ને દબોચી લઈ મોબાઈલ તથા પીકપડાલા મળી કુલ.રૂ.૧૭૧૦૦૦/- મુદ્દામાલ જપ્ત કર્યો હતો ઝડપાયેલ બંને શખ્શોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસા ટાઉન પોલીસે ૭ ગૌવંશ કી.રૂ.૮૫૦૦૦/- તથા છોટા હાથી કી.રૂ.૧૫૦૦૦૦/- તથા મોબાઈલ નંગ-૧ કી.રૂ.૧૦૦૦/- મળી કુલ.રૂ.૨૩૬૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બચાવી લીધે ગૌવંશને પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથધરી હતી

## ફોટો ગેલેરી



# એલચીના વાયદાના ભાવમાં રૂ.૬૦.૯૦નો ઘટાડો: કોટનમાં સેંકડા ઘટ્યા: સીપીઓ, મેન્થા તેલમાં વૃદ્ધિ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૨૯૨૩૯ સોદામાં રૂ. ૧૨૬૯૨.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૧૪૩.૦૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૪૯.૬૩ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૨ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩૮૯ વધ્યા હતા. બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક ઘટાડો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નરમાઈ સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચીના વાયદાના ભાવમાં કિલોદીઠ રૂ.૬૦.૯૦ ઘટ્યા હતા, જ્યારે સીપીઓ અને મેન્થા તેલમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં હતી. કોટનમાં સેંકડા ઘટ્યા હતા.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૬૦૬૧ સોદાઓમાં રૂ. ૭૨૭૧.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૪૬૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૧૩૦ અને નીચામાં રૂ. ૪૬૪૬૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૬૨ વધીને રૂ. ૪૬૯૫૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૦૧૨ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૩૨ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૪ વધીને બંધમાં રૂ. ૪૬૯૩૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૭૨૨૭ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૦૪૦ અને નીચામાં રૂ. ૪૭૦૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૮૯ વધીને રૂ. ૪૭૭૨૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૭૧ વધીને રૂ. ૪૮૦૯૭ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૩૬૪ વધીને રૂ. ૪૮૧૮૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૬૬૧૭ સોદાઓમાં રૂ. ૨૩૯૯.૪૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૪૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૪૮૦ અને નીચામાં રૂ. ૨૩૭૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૨ ઘટીને રૂ. ૨૪૩૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૫૦૫ સોદાઓમાં કુલ રૂ. ૪૦૦.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૭૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૭૨૦ અને નીચામાં રૂ. ૧૫૪૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨૦ ઘટીને રૂ. ૧૫૪૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૨૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭.૬ વધીને બંધમાં રૂ. ૬૩૮.૨ ના ભાવ હતા, જ્યારે એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૬૧૨ ખૂલી, અંતે રૂ. ૬૦.૯ ઘટીને રૂ. ૧૬૦૦.૯ થયો હતો. મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ. ૧૧૩૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૭૩.૮ અને નીચામાં રૂ. ૧૧૩૫ રહી, અંતે રૂ. ૧૧૪૮.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૬ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૬ અને નીચામાં રૂ. ૯૭૯.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬ ઘટીને રૂ. ૯૮૧ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૨૧૧૩ સોદાઓમાં કુલ રૂ. ૪૪૩૫.૩૭ કરોડ ની કીમતનાં ૯૪૬૫.૮૨૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૩૯૪૮ સોદાઓમાં કુલ રૂ. ૨૮૩૬.૧૨ કરોડ ની કીમતનાં ૫૯૪.૧૬૯ ટન, ક્રૂડ તેલમાં ૪૮૦૫૭ સોદાઓમાં રૂ. ૧૬૬૧.૨૩ કરોડનાં ૬૮૬૩૫૦૦ બેરલ્સ, કોટનમાં ૨૦૨૩ સોદાઓમાં રૂ. ૧૯૦.૩૪ કરોડનાં ૧૨૧૨૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૩૯૬ સોદાઓમાં રૂ. ૨૦૬.૫૫ કરોડનાં ૩૩૫૫૦ ટન, એલચીમાં ૩ સોદાઓમાં રૂ. ૪.૮૦ લાખનાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૩૬ સોદાઓમાં રૂ. ૨.૩૬ કરોડનાં ૨૧.૨૪ ટન, કપાસમાં ૪૭ સોદાઓમાં રૂ. ૯૪.૨૦ લાખનાં ૧૯૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૪૧૧૨.૪૨૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૩૫૭.૮૬૩ ટન, ક્રૂડ તેલમાં ૬૪૧૩ બેરલ્સ, કોટનમાં ૧૨૭૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૫૮૩૮૦ ટન, એલચીમાં ૨ ટન, મેન્થા તેલમાં ૪૯.૩૨ ટન અને કપાસમાં ૪૮ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૫૪૯.૬૩ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૭.૬૦ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૬.૫૨ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૩.૪૮ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૦ અને નીચામાં રૂ. ૨૩૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૯૪.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૯ અને નીચામાં રૂ. ૧૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૩.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૯૪૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૦૧ અને નીચામાં રૂ. ૯૧૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૭૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૨૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૨૭.૫ અને નીચામાં રૂ. ૧૩૫૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૨૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૦૧.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૫.૯ અને નીચામાં રૂ. ૦.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૭.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૮.૬ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૨ અને નીચામાં રૂ. ૧૭૮.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૦.૩ બંધ રહ્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલઃ જીજ્ઞા કપુરિયાં

વિભાગ :" પદ્ય " અછાંદસ રચના
શીર્ષક :- હે પ્રભુ રહેમ કર..
અલી જિંદગી ચોકડી ઉપર સાવ મૂકાઈ ગઈ છે ચોકડી લાવને જરા શૂન ચોકડી.....
બધી હેકડી, ફાંકા, તૂટી ગયા છે ભ્રમ લાવને જરા કેરમ... જૂનો જગાડું રાજીપો લાવને જરા ગંજીપો....
ક્યાંય ખૂલ્લી નથી એકે બારી લાવને નવો વેપારી....
હવે ક્યાં જવું હૈદરાબાદ ! રમું લાવને અમદાવાદ...
બધે હાલત છે બહુ કફોડી લાવને જરા ચાર કોડી..
અરે મુન્નાની મમ્મી સાંભળ્યું કે.. લાવને હુંચ જરા જાણું બને છે કેમ ગાજરનું અથાણું !
રોજ તો લૈને બેસી જઉં છું તૈયાર ભાણું આજે શાકમાં જોઉં મસાલાનું પરમાણુ,
રોજ બપોરે લાગે છે જેની લાય લાવને આજ તો હું બનાવું ચાય...
ક્યારેક ઘર હતું આબાદ એ બધું આવી ગ્યું યાદ જે હતું છુમંતર જાગી ગયું અંતર...
સમયે બદલી છે કરવટ.. ઉતરી ગયો છે બધો વટ નીકળી છે આંખમાંથી નહેરો કેટલા વર્ષે જોયો 'બા'નો હસતો ચહેરો....
માંહ્યલો પડી ગયો છે સાવ કૂણો જોયો પિતાની આંખનો ભીનો ખૂણો જીવનને જાણે લાગી ગયો 'તો લૂણો..
આહ નીકળી છે અંતરથી હવે કશું ક્યાંય બી થવાનું નથી જાદુમંતરથી હવે.. બધું છે ઉપરવાળાના હાથમાં હવે ઊભો છું ચોથી મંઝિલ....
જે ઉજડી ગયાં છે જીવન કરું છું એમના માટે અપીલ...
આવી છે માણસ જાત પર મોટી મુશ્કિલ, રહેમ કર સૌ પર, મૂક થોડી ઢીલ તારું તો તરત પીગળે છે વા'લા દિલ,
નથી ખેડ કે રહ્યું ખાતર એમનાં બચ્ચાંઓની ખાતર તારા હૃદયની પથારી પાથર... હવે વધારે કસોટી ના કર.. છોરું કછોરું થાય પણ, ન થાય માવતર કમાવતર...
હે પ્રભુ
રહેમ કર, રહેમ કર.. વરતાવ 'મા'ની જેમ કર..!!!!
-ડો. નિષાદ ઓઝા 'અમન'

---

શીષેક- "કોરોના કરે કાળો કેર..
" કોરોના કરે કાળો કેર, ચાલો ઘર-ઘર રમીએ.
મને કાંઈ ન થાય તે છે વ્હેમ, ચાલો ઘર-ઘર રમીએ.
શૈશવને પુનઃ કરી યાદ, ચાલો ઘર-ઘર રમીએ,
જનતા કફ્યુંનો થયો નાદ, ચાલો ઘર-ઘર રમીએ.
ભારતના ભાગ્યની થશે જાંચ, ચાલો ઘર-ઘર રમીએ.
પુસ્તકોને ઉઘાડી હવે તું વાંચ, ચાલો ઘર-ઘર રમીએ.
નરેન્દ્રે નરોને કહી સાચી વાત, ચાલો ઘર-ઘર રમીએ.
આપણે સૌ મનુષ્ય કેરી જાત, ચાલો ઘર-ઘર રમીએ,
પરિવારને પ્રેમપિયુષે સિંચી, ચાલો ઘર-ઘર રમીએ,
"પ્રણવ" કહે સૌને પ્રેમે પોંખી, ચાલો ઘર-ઘર રમીએ.
- પ્રણવકુમાર શુકલ સંસ્કૃતાચાયે, એસ. એન. ડી. ટી. હાઈસ્કૂલ જામખંભાલીયા જિ. દેવભૂમિ દ્વારકા.

---

શીર્ષકઃ કોરોના
પ્રકારઃ ગીત
રાગઃ કાનુડે કવરાવ્યા ગોકુળિયા માં.....
કાળો કેર વર્તાવ્યો
કોરોના તે તો, કાળો કેર વર્તાવ્યો.....
હા... ચીનમાંથી પગ પેસારો કર્યો,
જોતરેજોતામાં તું જગે વિસ્તર્યો,
ખરો મિજાજ પરખાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો.....કાળો......
ધ્રુજાવે શહેરો, ધ્રુજાવે દેશો,
રોજેરોજ વધે છે તારા અવશેષો,
છુપાઈને ભરમાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો....... કાળો......
નાના મોટા સૌ આવ્યા ઝપેટમાં,
કોઈ બચે ના એવાં લીધાં લપેટમાં,
ભરડે લઈ કણસાવ્યોં, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો..... કાળો.....
ફફડે લોકો ભયના ઓથારે,
મૃત્યુની ઘાતથી રડે ચોધારે,
પળમાં એમ ફફડાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો ....... કાળો....
ખાલીખમ દિશે કોલેજ ને શાળા,
સાચવી બેઠાં પોતાના માળા,
શાનમાં તે સમજાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો..,... કાળો.........
મીના વ્યાસ વડોદરા

---

શિર્ષક = સોનાની ચિડીયા..
નવો સૂરજ બનીને ઉગશે, ભારત હવે તો આભમાં!
ના રે'શે પાછળ એ હવે જોજોને કોઈ વાતમાં!
ફૂલો બધાંયે ઉગશે રોજે નવી સૌ ભાતનાં,
ખેતર સહુ લહેરાય જાશે મોતી સમા એ પાકમાં!
નવો સૂરજ બનીને ઉગશે ભારત હવે તો આભમાં!
ડાક્ટર અને ઈન્જિનીયર જાશે ના કો' પરદેશમાં!
સ્વદેશનું કરશે ભલું ધરી એ પ્રભુનાં સ્વાંગમાં!
નવો સૂરજ બનીને ઉગશે ભારત હવે તો આભમાં!
અકળાશે ના યુવાન ધન પેઢી અહીં ઠરતી હશે!
વાતો પછી આ દેશની વિદેશમાં ફરતી હશે એ લાભમાં!
નવો સૂરજ બનીને ઉગશે
ભારત હવે તો આભમાં!
બસ, રાખજો થોડી ધીર ને, ફળ હો મીઠાં જો ચાખવાં?
સોનાની ચિડીયા બની જશે ભારત વાતવાતમાં!
નવો સૂરજ બનીને ઉગશે ભારત હવે તો આભમાં!
---અંજના ગાંધી "મૌનું" વડોદરા

---

વિભાગ "ગદ્ય"
શીર્ષક એવોર્ડ
ઓક્ટોબર ૨૦૨૦ લોકડાઉન ખુલી ગયું હતું. રાજેશ સમુદ્રકિનારે પહોચ્યો. વર્ષોથી તેનો નિત્યનિયમ હતો. પણ પાછલા આઠ મહિનાથી તે અહીં આવ્યો નહોતો.

કોરોના વાયરસનો અટેક થયો તે પહેલાં તે રોજ મનીષા સાથે અહીં આવતો અને સાંજના સુરજને વિદાય આપતો. નાના અને શાંત ગામડામાં રહેવાનો આ આનંદ હતો. તેનું નાનું વર્કશોપ હતું જે? તે પાંચ વાગે બંધ કરી દેતો.

સમુદ્રની ખારાશવાળી હવા તેના માટે જીવનામૃત હતી. ગમે તેવું ટેન્શન હોય તે હવા તેનું દુઃખ હરી લેતી. તેને આજથી પહેલાં કોઈએ સિરીયસ જોયો નહોતો. હંમેશા હસતા ચેહરે બધા સાથે વાત કરતો.

આજે તેણે આજુબાજુ નજર ફેરવી પણ કોઈ નહોતું. તેને લાગ્યું કે મનીષા તેની પાસે બેસી છે અને હંમેશની જેમ સ્મિત કરી રહી છે અને આજે દિવસભરમાં હોસ્પીટલમાં શું થયું તે વિશે કહી રહી છે. તેના ચેહરા પર આવેલું સ્મિત બાજુમાં નજર કરી તો બુઝાઈ ગયું.

રાતના નવ વાગ્યા હતા, તે ત્યાં જ બેસી રહ્યો હતો. એટલામાં નાનું બાળક દોડતું આવ્યું અને કહ્યું," પપ્પા, ઘરે ચાલો હવે. આવતીકાલે સવારે આપણી ટ્રેન છે દિલ્હી જવાની. આપણે મમ્મીને મળેલો કોરોના વોરિયર એવોર્ડ સ્વીકારવાનો છે."
જ્યોતિન્દ્ર મહેતા

---

શીર્ષક વચન
આખરે બંને એ સાથે મળીને એક નિર્ણય કર્યો. જો કે ઘણો અઘરો હતો આ નિર્ણય પણ બીજો કોઈ રસ્તો ન હતો. હપ્તા ભરી શકવાની હવે કોઈ કડી દેખાતી ન હતી. પ્રાઈવેટ કંપનીઓએ એની જાત દેખાડી દીધી. કોરોના નામની મહામારીને કારણે લોકડાઉન જાહેર થયું ને પહેલો જ ફટકો પ્રાઈવેટ કંપનીઓનાના વર્કરોને લાગ્યો.
કંપનીએ કોઈ પણ જાતની આગોતરી જાણ કર્યા વગર છુટા કરી દીધા.
હવે, મકાનની લોન તો નોકરીના આધારે જ મળી હતી.
નોકરી જ ના રહી તો હપ્તો ક્યાંથી ભરી શકાય?
જે કાંઈ થોડી ઘણી બચત હતી એમાંથી ઘરખર્ચ નિકળી જતો હતો.
મધ્યમ વર્ગના લોકોને સહુથી વધારે સહન કરવું પડતું હોય છે.
ના તો એ હાથ ફેલાવીને માંગી શકે ના તો એ અમીરોની જેમ જીવી શકે
પણ, હવે શું?
"હા, આપણે આ મકાન વહેંચી નાખીએ." સમીરે ભારે હૈયે કહ્યું
"આપણે હપ્તો અત્યારે નહીં ભરી શકીએ."
અને એક નિર્ણય કરીને એ બધા સુઈ ગયા પણ, દિવ્યાની આંખો સુકાઈ ગઈ હતી. કેટલી કેટલી મુશ્કેલી વેઠીને અહીં સુધી પહોંચ્યા હતા.
એક જ આનંદ હતો જીવનનો કે માથે છત છે અને એ પણ પોતાની.
એના સાસુ જ્યારે પોતાના ભાડાના ઘરે આવતા ત્યારે દાઢ માંથી બોલતા, "એક સફળ ગૃહિણી ગમે તે કરીને પોતાની છત બનાવે છે. એ એના પતિને એટલી તાકાત આપે છે કે એનો પતિ પોતાને સાચેસાચ ઘરવાળી બનાવી શકે! આ જો મારા લગ્નના બે જ વરસમાં અમે અમારું મકાન બનાવી લીધું હતું સમજી!"
પોતે સાસુ માની તાનાશાહી સહન ના કરવાને બદલે એમનાથી અલગ થવાનું નક્કી કર્યું ત્યારથી એમણે મહેંણા મારવા સિવાય બીજુ કર્યું પણ શું છે. તો પછી શું પોતે સફળ ગૃહિણી સાબિત ના થઈ કહેવાય? એણે તો દિવસ રાત એક કરી નાખ્યા હતા સમીરની તાકાત બનવા પાછળ.
પણ, કોણ જાણે ક્યાંથી આ કોરોના આવ્યો ને બધું લુંટાઈ ગયું.
શું આપણે સરકારને અરજી ના કરી શકીએ કે આવી પ્રાઈવેટ કંપનીને આવી મનમાની ના કરવા દે, શું સરકાર મકાનના હપ્તા માફ ના કરી શકે? અરે જ્યાં આવક જ ના હોય ત્યાં હપ્તો ક્યાંથી ભરવો?
એનું ઓશિકુ ભિંજાવા લાગ્યું.
ડુસકું આવ્યું, ફરી આવ્યું એને સામાન ભરાતો! ઉપડતો, ટેમ્પોમાં ઠલવાતો દેખાવા લાગ્યો અને ડુસકાં નિકળતા રહ્યાં.
સવારે ક્યાંય સુધી દિવ્યા ઉઠી નહીં એટલે સમીરને નવાઈ લાગી એણે દિવ્યાને ઢંઢોળી, પણ દિવ્યાએ એક વાર પોતાને જ આપેલું વચન આજે નિભાવી જાણ્યું "જો જો મારી નનામી મારા પોતાના જ ઘરમાંથી નિકળશે"
દક્ષા દવે 'રંજન'

---

શીર્ષકઃ "ખોવાયેલો વર્તમાન"
"ખોવાયેલો વર્તમાન"
"ઓહો! છ વાગી ગયા. હું આવીને ચા પીશ."
પત્નીને કહીને રોજની જેમ ગુણવંતભાઈએ કેલેન્ડરમાં તારીખ બદલી.પણ આજે ઉત્સાહ હતો.
હાશ! લગભગ બસો દિવસ બાદ આજે ચાલવા નીકળાશે. બાગમાં પાછા જુના જોગીઓ ભેગા થશે.
ગુણવંતભાઈ હરખભેર માસ્ક પહેરીને નીકળ્યા. રસ્તામાં છૂટાછવાયા લોકો જાણે એકબીજાથી દૂર ભાગતા હોય એમ મોં ઢાંકેલા મળ્યા. જાણે આકાશમાંથી હજી ડર વરસતો હતો.
ચોતરફ નજર દોડી રહી.
અરે! જીવણ પેપરવાળાનો સ્ટોલ ક્યાં? રોજ તો ભીડ હોય.
આગળ જતાં..
કાનજીની ચા ની કિટલી બંધ દેખાઈ. જાણે લોકડાઉન બાદ હવે ખોલવાની જ ન હોય.
બાગની બહાર બેસતો ફુગ્ગાવાળો ચુનિયો ગાયબ હતો.
બાગમાંય કાંઈ બહુ ચહલપહલ ન હતી. બાંકડે ગોઠવાયેલા ગુણવંતભાઈ મિત્રોની રાહમાં વિચારે ચડ્યા.
કનક તો બિચારો કોરોનામાં ગયો.
બનવારીની તો ખબર જ નથી. ફોન જ ન ઉપાડ્યો.
માલાબેનનો યુવાન ડોક્ટર જમાઈ
કોરોનાની સારવાર આપતાં શહીદ થયો એ ખબર મળ્યા હતા.
પાંચ-પચ્ચીસ લોકો વોક-વે પર ચાલતા હતા પણ જાણે ભાષા ભૂલી ગયા હોય એમ મુંગા મુંગા ચાલીને બાગમાંથી નીકળી જતા હતા. અડધો કલાક રાહ જોઈને ગુણવંતભાઈ નિરાશ મને પરત થયા.
પત્નીએ ચા નો કપ આપતાં પૂછ્યું,
"કેવું રહ્યું?"
ગુણવંતભાઈને ડૂસકું આવી ગયું.
"ભુતકાળની જાજરમાન યાદ જ જીવાડશે બાકી વર્તમાન તો અત્યંત પીડા આપશે. ધાર્યું છે એમ જલ્દી કોઈને કળ નહીં વળે.
અરેરે! મારું શહેર વર્તમાન લઈને ખોવાઈ ગયું."
લીના વછરાજાની અમદાવાદ.

---

શીર્ષક : પ્રોજેક્ટ કોરોના.
વલસાડના એ અંતરિયાળ ગામમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે,રામજીભાઇનું કુટુંબ પણ અહીં કુદરતના સાનિધ્યમાં વસીને રોજ રાજીપો કરે છે.

કોરોનાનાં કહેરના સમાચાર હજી દૂર દૂર સંભળાઈ રહ્યા છે પરંતુ ડર નો માહોલ હજી અહીં નથી, તેથી જ તો રામજીભાઈ એ આજે મહેમાનગતિ માણવા કેટલાક મિત્રોને તેડાવ્યા છે વળી ખાસ ભાર દઈને પણ કહ્યું છે કે" હવે તો લોકડાઉનનાં કારણે ઘરે જ છો ને આવો મારી વાડીએ જલસા કરીએ."

"હાં હાં જરૂર રામજીભાઈ તમે બોલાવો અને અમે ન આવીએ એવું તો કંઈ થતું હશે!" દરેક મિત્રો આજુબાજુના ગામોમાંથી લગભગ રોજ જ આવતા થઈ ગયા.

રામજીભાઈ ને એમની વહુ અને દીકરાએ સમજાવવાનો પ્રયત્ન કરી જોયો.

"અરે વહુ બેટા આપણા પર તો કુદરત મહેરબાન છે કોરોના શું એનો બાપ પણ આપણું કશું બગાડી શકે નહિ, તમ તમારે મોજ કરો ને ફરી તમને ક્યાં ગામડે રહેવા આવવા મળવાનું છે,અને હાં આ તમારી શહેરની વાતો ત્યાંજ મૂકી આવો તો સારું" રામજીભાઈની આ વાતોએ એમને ચૂપ કરાવી દીધા.
"કહું છું બાપુજીને સમજાવવું અઘરું છે, ઘી સીધી આંગળીથી નીકળવાનું નથી મારે આંગળી વાકી કરવી જ પડશે"રામજીભાઈની વહુ મિશા એના ઘરવાળા મિતને કહી રહી.
બીજા દિવસે....
દાદા મને મદદ કરશો?, મારી શાળામાંથી કોરોના અંગે પ્રોજેક્ટ બનાવવાનું લેશન મળ્યું છે!" નાનકડો વેદ રામજી દાદાને કહી રહ્યો.

બીજા દિવસથી દાદા અને પૌત્ર મંડી પડ્યા! છાપા, ઇન્ટરનેટ, ટી.વી નાં સમાચારના માધ્યમથી કોરોના અંગેની નાનાંમાં નાની વિગતની માહિતી એકઠી કરવામાં આવી, આખરે ઉમદા પ્રોજેક્ટ બની ગયો.
"ચાલો દાદા હવે આપણે ચકાસી લઈએ આપણે પણ આ બધી કાળજી લઈએ છીએ કે નહિ, નહિ તો આ કોરોનાનો ભોગ આપણે પણ બની જઈશું."
"બિલકુલ મારા લાલ આપણે પંડિતના પોથીના રીંગણ જેવું નહિ કરીએ! હું બધા જ નિયમોનું પાલન કરીશ અને સૌને કરવાની સમજ આપીશ.મારા લાલ ભગવાને તને દૂત તરીકે જ મને સમજાવવા મોકલ્યો છે"
દાદા જોઈ ન જાય એ રીતે વેદે ધીમેથી એની મમ્મી તરફ અંગૂઠો ઊંચો કર્યો.
ભાવના પટેલ."વલસાડી વાદળ" ગાંધીનગર.

---

## રાજ્યમાં રૂટિન વોર્ડમાં
# ગુજરાતમાં સરકારના આર્શીવાદથી ખાનગી હોસ્પીટલો દર્દીઓ પાસે ૧૦,૦૦૦ રૂપિયા વસુલે છેઃનીશીત વ્યાસ

રાજયમાં કોરોનાની સારવારના બે ગણાથી વધારે ભાવોની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નીશીત વ્યાસે જણાવ્યું હતું કે રાજયમાં રૂટિન વોર્ડમાં ગુજરાતમાં સરકારના આર્શીવાદથી ખાનગી હોસ્પીટલો દર્દીઓ પાસે ૧૦,૦૦૦ રૂપિયા વસુલે છે તેની સામે મહારાષ્ટ્ર સરકાર માત્ર ૪,૦૦૦ રૂપિયાની ફી છે, આઈસોલેશન અને આઈ.સી.યુ. અને વેન્ટીલેશનનો ચાર્જ ખાનગી હોસ્પીટલોમાં રૂ.૧૯,૦૦૦ છે તેની સામે મહારાષ્ટ્રમાં માત્ર ૭,૫૦૦ રૂપિયા છે. આઈ.સી.સી.યુ. ગુજરાતમાં ખાનગી હોસ્પીટલો ૨૩,૦૦૦ રૂપિયા વસુલે છે જયારે મહારાષ્ટ્રમાં માત્ર ૯,૦૦૦ રૂપિયાની ફી છે. મહારાષ્ટ્રમાં વધારે સંક્રમણ હોવા છતાં પણ ખાનગી હોસ્પીટલોમાં કોરોના સારવારના દર વ્યાજબી નક્કી કરવામાં આવેલ છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રીશ્રીને આગ્રહભરી વિનંતી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નીશીત વ્યાસે જણાવ્યું હતું કે કોરોનામાં લોકોની તકલીફ છે તેનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે વડોદરાની ટ્રાયો કલર હોસ્પીટલનો ગોધરાના નિવૃત્ત કર્મચારીએ સંપર્ક સાંધેલ ત્યારે હોસ્પીટલમાંથી જવાબ મળેલ કે દર્દીને લઈ આવો અમે દાખલ કરશુ. બપોરે દર્દી હોસ્પીટલ પહોચ્યું ત્યારે દર્દીનું ઓકસીઝન લેવલ ૭૦ હતું ત્યારે હોસ્પીટલ તંત્રએ તેમને પુછયું કે તમે પેમેન્ટ કેવી રીતે કરશો ત્યારે દર્દીએ સરકારી કાર્ડ હોવાનું જણાવતા તેમનાથી સરકાર દ્વારા પેમેન્ટ મળવાનું કહેતા દર્દી સાંજના ૭ વાગ્યા સુધી હોસ્પીટલમાં દાખલ કરવામાં ન આવ્યા અને મુશ્કેલીનો સામનો દર્દીને કરવો પડયો. તપાસ કરતાં જાણવા મળ્યું કે સરકાર દ્વારા એક-એક વર્ષ સુધી પેમેન્ટ મળતું નથી અને અનેક વખત કવેરીઓ કાઢીને પરત કરવામાં આવે છે એટલે અમે આવા દર્દીને દાખલ કરતા નથી. ગુજરાત સરકારની છાપ ગુજરાતના વેપારીઓમાં આવી ખરાબ થાય તે યોગ્ય નથી ત્યારે મુખ્યમંત્રીશ્રીએ આ બાબતે ખુલાસો કરીને આવી હોસ્પીટલો સામે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

સરકારની માસ્કના ભાવમાં નફાખોરી અંગેની નીતિનો પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નીશીત વ્યાસે જણાવ્યું હતું કે રૂ.૪૯.૬૧ના ન્-૯૫ માસ્ક રૂ. ૬૫માં વેચવામાં આવે છે. ભાજપના પ્રવકત્તાની ટ્વીટ મુજબ તેના પર ૧૮% જીએસટી હોવાનો દાવો કરે અને તેમાં લોકડાઉન મગજવાળા ભક્તો ચર્ચા કરતાં ખબર પડી કે આમાં તો માત્ર ૫% જીએસટી છે. ત્યારબાદ આવી ટ્વીટ ડીલીટ કરે ત્યારે અગાઉ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા માનનીય રાહુલ ગાંધીએ પણ કહ્યું હતું કે આવી આવશ્યક વસ્તુઓ પરથી જીએસટી નાબુદ કરવી જોઈએ. અબજો રૂપિયા પીએમ કેર્સમાં આવી ગયા છે ત્યારે માસ્ક જેવામાં નફાનો ધંધો ન કરવો જોઈએ તેમજ સૌથી પહેલાં મેડીકલ સાધનો પર જીએસટી લેવાનું બંધ કરીને માફી આપવી જોઈએ. ગુજરાત મેડીકલ સર્વીસ કોર્પોરેશન લીમીટેડે નક્કી કરેલા ભાવોમાં કયાંય ઉલ્લેખ નથી કે જીએસટી, હેન્ડલીંગ, ફોર્વર્ડીંગ ચાર્જ વધારાનો-અલગથી લેવામાં આવશે કે આપવામાં આવશે. ન્-૯૫ રૂ.૪૯.૬૧ ભાવનું એક માસ્ક રૂ.૬૫માં વેચાઈ છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ માસ્કના ભાવો અંગે પુનઃ વિચારણા કરીને ખુલાસો કરવો જોઈએ. માસ્કના ભાવો અંગે કોઈ રાજકીય વિવાદ હોઈ જ ન શકે ત્યારે માસ્કનો ભાવ હજી નીચે જઈ શકે તેમ છે ત્યારે નાગરીકોને ન્-૯૫ માસ્ક ૨૫-૩૦ રૂપિયાએ ઉપલબ્ધ કરાવવા જોઈએ જેથી રાજયના નાગરીકો સહેલાઈથી ઉપયોગ કરી શકે.

(નીશિત વ્યાસ) મહામંત્રી

# કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ આવવાનાં અવિરત ચાલુ રહેતાં શહેરીજનો ભયભીત



કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ આવવાની શરૂ થયેલી હારમાળા અટકવાનું નામ લેતી નથી ત્યારે જવાબદાર આરોગ્ય તંત્ર પાસે દરેક વિસ્તારોમાં આશાવર્કર બહેનો અને હેલ્થ ઓફિસર ફાળવવામાં આવેલ છે જેઓના મહામારી કાબુમાં લેવા સમગ્ર શહેરમાં જનરલ સર્વે કરીને સંક્રમણ થતું અટકાવવા જરૂરી સારવાર અર્થે અભિયાન અંતર્ગત કામગીરી હાથ ધરી છેલ્લાં ચાર દિવસથી આવતાં કોરોના પોઝીટીવ કેસ રોકી શકાય એવું છે. કેશોદ શહેરમાં હોટસ્પોટ મહારાષ્ટ્રના પાંચ પોઝીટીવ કેસ નોંધાયા છે ત્યારે આજરોજ કેશોદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નાં મેનેજર દિનેશભાઈ ચૌહાણ નો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો છે. એસબીઆઈ બેંક નાં મેનેજર દિનેશભાઈ ચૌહાણ તા.૭મી મે નાં રોજ અમદાવાદ ખાતે ગયેલાં હતાં અને તા.૧૨મી મે નાં રોજ પરત કેશોદ આવી જતાં હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ હતાં. આજરોજ બપોરે જેઓનો પોઝીટીવ રીપોર્ટ આવ્યા નાં સમાચાર વાયુવેગે પ્રસરી જતાં શહેરમાં ભયનો માહોલ છવાયો છે. કેશોદ પોલીસ સ્ટેશન નો સ્ટાફ અને વહીવટી અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતાં અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. કોરોના પોઝીટીવ દર્દી ને ૧૦૮ દ્વારા જુનાગઢ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને કેશોદ નગરપાલિકા દ્વારા સમગ્ર વિસ્તાર ને સેનેટાઈઝ કરવામા આવ્યો હતો. જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી ને કન્ટેઈનમેન્ટ અને બફર ઝોન જાહેર કરવામાં આવ્યાં છે. કેશોદ શહેરમાં જુદા-જુદા ત્રણ વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલાં જાહેરનામાં મુજબ કન્ટેઈનમેન્ટ અને બફર ઝોન માં વિસંગતતાઓ નજરે પડે છે. અમુક વિસ્તારોમાં બસો મીટર અંતર, અમુક વિસ્તારોમાં સો મીટર તો અમુક વિસ્તારોમાં એકાદ બીલ્ડીગનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે જવાબદાર તંત્ર શંકાના દાયરામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા બફર ઝોન માં કે હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ વ્યક્તીઓ નાં ઘરે એન્ટીબાયોટીક ગોળીઓ નું વિતરણ કરવામાં ન આવતું હોય અને સતાધારી પક્ષના પ્રતિનિધિઓ ઢગલા મોઢે લઈને લાગતાં વળગતા ને અપાવતાં હોવાનો આક્ષેપ સમગ્ર શહેરમાં થઈ રહ્યો છે. કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં સ્થિતિ ગંભીર બની છે ત્યારે કેશોદ પોલીસ પાસે બંદોબસ્ત જાળવવામાં ફોજ ઘટી પડતાં સાંજના સાત વાગ્યા થી સવારના સાત વાગ્યા સુધી નાં કર્ફ્યૂ ની અમલવારી નામ પુરતી જ રહીં છે. કેશોદ શહેર નાં રહીશો ભયનાં ઓથાર હેઠળ જીવી રહ્યાં છે ત્યારે જવાબદાર જીલ્લા તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક પગલાં ભરવામાં આવશે નહીં તો આવનારાં દિવસોમાં કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ નો હાહાકાર મચી જાય તો નવાઈ નહીં.

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના
# કોરોના વોરિયર અભિયાનમાં જોડાતાં સાંસદ દીપસિંહ રાઠોડ



મોટી ઈસરોલ, તા.૨૩

અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કોરોના વોરિયર અભિયાનમાં જોડાયા છે અને એમણે બન્ને જિલ્લાના પ્રજાજનો-નાગરિકોને પણ આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એ 'હું પણ કોરોના વોરિયર' અભિયાન સમગ્ર રાજયના જન જનને કોરોના મહામારી સામેની આ લડાઈમાં જોડાવા એક ઐતિહાસિક - સામાજિક અભિયાન નો પ્રારંભ કરાવ્યો છે. ત્યારે પરિવાર ના મોભી તરીકે સાંસદ દીપસિંહ રાઠોડમુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના ૩ સંકલ્પોને અને હું પણ કોરોના વોરિયર અભિયાનને પોતાનું તથા પોતાના પરિવારનું ગણાવીને સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની તમામ જનતાને આ જન જાગૃતિ અભિયામાં જોડાવા અપીલ કરી છે.

# અરવલ્લીના ૩૫૦૦ યુવાનો હુ પણ કોરોના વોરીયર અભિયાને વેગવંતુ બનાવશે

## અરવલ્લી કલેકટર શ્રી અમૃત્તેશ ઔરંગાબાદકરે ૨૭ યુવા મંડળના સંયોજકો સાથે વિડીયો કોન્ફરન્સથી સાધ્યો સંવાદ




અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનો વ્યાપ વધતા ગ્રામિણલોકોમાં જાગૃતિ આવે તે માટે અરવલ્લીના જિલ્લાના ૩૫૦૦ યુવાનો રાજયના મુખ્યમંત્રી શ્રી હુ પણ કોરોના વોરીયર અભિયાનને વેગવતું બનાવશે

રાજયના મુખ્યમંત્રીશ્રી ગુરૂવારના રોજ રાજયના તમામ ધાર્મિક-સામાજીક અગ્રણી સાથે સંવાદ સાધીને કોરોના સામેના જંગમાં સહભાગી થવા અપીલ કરી હતી. જેને અરવલ્લી જિલ્લાના યુવાનો ગામડાઓ ખુંદીને લોકોને જાગૃત કરવાનું કામ હાથ ધર્યુ છે.

અરવલ્લી જિલ્લામાં સ્વામી વિવેકાનંદ યુવા કુલ ૭૦૦ યુવા કેન્દ્રો છે તેની સાથે પાંચ-પાંચ યુવાન યુવતીઓ જોડાતા જેની સંખ્યા ૩૫૦૦થી વધુ થાય છે.

આ યુવાનોને જિલ્લા કલેકટર શ્રી અમૃત્તેશ ઔરંગાબાદકરે અત્યારે કોરોના વાયરસના સંક્રમણને લઇ આ તમામ યુવાનોને વિડીયો કોન્ફરન્સિંગથી માર્ગદર્શિત કર્યા હતા જેમાં મુખ્યમંત્રીના હું પણ કોરોનાવાયરસ કેમ્પેઇન SMS સૂત્ર (S-Social Distance, M-Mask, S- Senitize) સોશિયલ ડિસ્ટન્સ માટે છત્રી દ્વારા દૂરી બનાવી શકાય આવા નાના નાના ઈનોવેશન દ્વારા જીવનશૈલીમાં વધારો કરવો, હોમ કોરોનટાઈન લોકોનું સતત ફોલોઅપ લેવું આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનો ઉપયોગ પર ભાર મૂક્યો હતો, તેમજ નાના બાળકો અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોની કાળજી રાખવી જેવી બાબતો અંગે ભાળ મેળવી સંયોજકો દ્વાર પણ તંત્રને જાણ કરવા અપીલ કરી હતી.

### રાજ્ય સરકારે પશુઓ પ્રત્યે દાખવેલી અનેરી સંવેદનશીલતા

# દાહોદમાં લોકડાઉનમાં પશુમાત્રની ખેવના, ત્રણ ગૌશાળાને રૂ. ૫.૧૬ લાખનું અનુદાન



અભેસિંહ રાવલ દાહોદ

લોકડાઉનમાં સમયમાં માત્ર નાગરિકો જ નહીં પણ પશુમાત્રને કોઇ તકલીફ ના પડે એની ખેવના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાખી છે. ખાસ કરીને કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે લાગું કરવામાં આવેલા લોકડાઉનના સમયગાળામાં ગૌશાળાઓને કોઇ તકલીફના પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ અનુદાનનું પ્રાવધાન કરવામાં આવતા દાહોદ જિલ્લાની ત્રણ ગૌશાળાને રૂ. ૫.૧૬ લાખ ફાળવવામાં આવ્યા છે.

પાલતું અને દૂધાળા પશુઓ આપણા સહજીવનનો એક ભાગ છે. વિશેષતઃ ગૌવંશ ખેતી કરતા ગ્રામીણ લોકોની આધારશીલા સમાન છે. તેના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકારે અનેકવાર પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. તેવી જ એક આ લોકડાઉનના સમયગાળામાં પણ જોવા મળી છે. મુખ્યમંત્રીશ્રીએ આ લોકડાઉનમાં ગૌશાળાને પશુદીઠ રૂ. ૨૫નું અનુદાન આપવાની જાહેરાત કરતા તેનો લાભ દાહોદ જિલ્લાની ત્રણ ગૌશાળાને મળ્યો છે.

સામાન્ય રીતે જીવદયા સાથે સંકળાયેલી આ ગૌશાળાનો આર્થિક આધારસ્તંભ સખાવત હોય છે. પણ, લોકડાઉનમાં સખાવતી કાર્યો ઉપર અસર પડી છે. સખાવત ઓછી મળવાના કારણે કેટલીક ગૌશાળાનું સંચાલન અને નિભાવણી મુશ્કેલ થઇ હતી. આ બાબત સરકારને ધ્યાને આવતા ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. ગૌચર વિકાસ નિગમના મારફત આ ગ્રાંટ અપાઇ છે. આ પૂર્વે પણ વખતોવખત રાજ્ય સરકાર દ્વારા નિગમ મારફત ગૌશાળાઓને મદદ કરવામાં આવી છે.

કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું કે, જિલ્લાની ત્રણ ગૌશાળાને રૂ. ૫.૧૬ લાખનું અનુદાન ફાળવવામાં આવ્યું છે. તેમાં દાહોદ અનાજ મહાજન ગૌશાળાને ૫૪૦ પશુઓ માટે પ્રતિ પશુ દીઠ રૂ. ૨૫ એક દિવસ માટે, એમ ત્રીસ દિવસ માટે કુલ રૂ. ૪,૦૫,૦૦૦, ઝાલોદની યતિનચંદ્ર જયંત સાર્વજનિક ગૌશાળાને ૭૭ પશુઓ માટે રૂ. ૫૭,૭૫૦ અને દેવગઢ બારિયાની કામધેનુ ગૌશાળાને ૭૧ પશુઓ માટે રૂ. ૫૩,૨૫૦ ફાળવવામાં આવ્યા છે.

દાહોદ અનાજ મહાજન ગૌશાળાના વડા શ્રી ભરતભાઇ શાહે આપત્તિના આ સમયગાળા દરમિયાન પશુઓની ખેવના કરવા બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર પણ માન્યો છે.

માત્ર ગૌવંશ જ નહીં, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ લોકડાઉનમાં અન્ય પશુઓની પણ દરકાર લેવામાં આવી છે. ૧૦૮ની જેમ જ કરુણા એમ્બ્યુલન્સ પણ લોકડાઉનના સમયગાળામાં સતત કાર્યરત રહી છે. આ એમ્બ્યુલન્સ દ્વારા કરવામાં આવેલી સેવાની વિગતો જોઇએ તો ગત્ત ૧૫ માર્ચથી માસાંત સુધીમાં ૮૪ કોલ પૈકી ૭૦ પશુઓની સ્થળ ઉપર જઇ અને ૧૪ને ફોન ઉપર, એપ્રિલ માસમાં ૯૭ કોલ પૈકી ૬૮ સ્થળ ઉપર અને મે માસમાં અત્યાર સુધી ૪૦ કોલમાંથી ૩૩ સ્થળ ઉપર જઇને સેવા આપવામાં આવી છે.

### ડીસા હાઈવે બનાસબેંક થી દેવપુરા જોડનાપુરા નગરપાલિકા હદ સુધી સ્ટ્રીટલાઈટ પોલ નાખવા માટેની

# ડીપોઝીટ નેશનલ હાઈવે ઓથોરિટીમાં ભરવાની ની રજૂઆત કરતા પાલિકા સદસ્ય અમૃત જોષી

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૮ ના સદસ્ય અમૃતભાઈ જોષી દ્વારા પાલનપુર નગરપાલિકા પ્રમુખ, મુખ્ય અધિકારી, કમિશનર શ્રી અને પ્રાદેશિક કમિશનર મ્યુનિસિપાલિટી ગાંધીનગર સમક્ષ તારીખ ૨૨/૦૫/૨૦૨૦ ના રોજ લેખિત રજૂઆત કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રી દ્વારા પ્રજાજનોની સુખાકારી માટે પાલનપુર નગરપાલિકા ને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે . ડીસા હાઈવે વિસ્તાર નગરપાલિકા નવીન હદમાં દેવપુરા જોડનાપુરા સુધી નગરપાલિકાની હદ ૨૦૧૫ માં વધારો કરવામાં આવેલ હતોઆ નવીન હદ વિસ્તાર માટે સ્પેશિયલ ગ્રાન્ટ ઓજી વિસ્તારની ૬૨૧ લાખ નગરપાલિકા પાલનપુર ને ૨૦૧૬ માં ફાળવવામાં આવેલ હતી. આ ગ્રાન્ટમાં ઉપરોક્ત વિસ્તારની સ્ટ્રીટ લાઈટ ની કામગીરી કરાવવા અમોએ રજૂઆત કરી હતી. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડીસા હાઈવે બનાસબેંક થી નગરપાલિકાની હદ દેવપુરા જોડનાપુરા સુધી સ્ટ્રીટલાઈટ પોલ ની કામગીરી નેશનલ હાઈવે ની હદમાં કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડિપોઝિટ રૂપિયા ૨૦૦૦૦૦ (બે લાખ) ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવા માટે મુખ્ય અધિકારી પાલનપુર નગરપાલિકા ને તારીખ ૦૪/૦૯/૨૦૧૮ ના રોજ લેખિત પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ હતી ઘણો લાંબો સમય વિતવા છતાં અને સરકાર શ્રી દ્વારા પાલનપુર નગરપાલિકા ને કરોડો રૂપિયા ની જુદી-જુદી યોજનાઓ હેઠળ પ્રજાની સુખાકારી માટે ગ્રાન્ટો ફાળવેલ હોવા છતાં હજુ સુધી રૂપિયા ૨ લાખ નેશનલ હાઈવે માં ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવામાં આવેલ નથી તે દુઃખદ અને ગંભીર બાબત છે. ડીસા હાઈવે થી પાલનપુર નગરની હદમાં પ્રવેશતા આ મુખ્ય માર્ગની એન્ટ્રી છે હાઈવે ની આજુબાજુ નગરપાલિકા હદ વિસ્તારમાં રહેણાંક તેમજ કોમર્શિયલ બાંધકામો થયેલ છે . જોડનાપુરા દેવપુરા સહયોગ સોસાયટી ખોડીયાર નગર સોસાયટી નવદુર્ગા સોસાયટી ગુરૂ નંદન વિલા સોસાયટી બાલાજી પાર્ક શ્રીજી ફ્લેટ પરફેક્ટ સોસાયટી જલારામ મંદિર સ્વાગત સિટી સોસાયટી આશિષ સોસાયટી અંકિત સોસાયટી ધનંજય સોસાયટી તિરુપતિ ભાગ ૨ સોસાયટી શ્રીજી સોસાયટી તિરુપતિ ટાઉનશિપ ભાગ ૧ આલોક બંગ્લોઝ ગુરૂ પૂજન બંગ્લોઝ રાજારામ સ્કૂલ એ વી પંચાલ વિદ્યાલય સ્વાગત વીલા સોસાયટી અક્ષતમ સોસાયટી બાલાજી બંગલોઝ ગોકુળધામ સોસાયટી ઉમા નગર બ્રહ્મ સમાજની વાડી આદિત્ય બંગ્લોઝ જેવા વિસ્તારો આવેલ છે

ઉપરોક્ત વિસ્તારમાં રહેતાં પ્રજાજનો અને વેપારીઓ રાત્રિના સમયે પાલનપુર શહેર માંથી આવન જાવન કરે છે.આમ ઉપરોક્ત રજૂઆત ધ્યાને લઇ તાત્કાલિક ડીપોઝીટ ભરવા તેમજ આગળની કાર્યવાહી કરી નવીન સ્ટ્રીટ લાઈટો નાખવા માટે પાલિકા સદસ્ય અમૃતભાઈ જોષી(દાઢી) એ રજૂઆત કરી હતી.

# ગુ.રા. માર્ગ વ્યવહાર. નિગમ એસ ટી પરવાનેદાર કફોડી હાલત



ગુ રા મા યવહાર નિગમ એસ ટી નિગમ ગુજરાત કુલ ૧૩૨૦ નાનામોટા પરવાનેદાર ઉચુ ભાડે રાખી કેન્ટીન તથા અન્ય સ્ટોલ ઉંચા ભાવે લઇ ધંધા કરતા હોય છે...............કોવીટ૧૯ ના લીધે સમગ દેશ મા ૨૨/૩/૨૦ ના રોજ થી લોકડાઉન જાહેર કરેલ આજે ૬૫ દિવસ થવા આવેલ હોય પરંતુ નિગમ માસિક ભાડા માફ કરવા કાયૅવાહી કરેલ નથી પરવાનેદાર ઉનાળો વેકેશનમાં સારી આવક થતી હોય છે આ સિઝન લોકડાઉન રહેતા આખા વષ આશા પાણી ફરી વળ્યું છે ચોમાસામાં ઘર ભાડા ભરવા ના હોય અને નિગમ પોલીસી પ્રમાણે દર ૧૧ માસે ૧૦%વધારો આવે છે .

માન્ય મુખ્યમંત્રી સાહેબ આવા નાનામોટા ધંધો કરતા પરવાનેદાર જયાં સુધી કોવીડ૧૯ રોગ મુકત ના થાય ધંધા રોજગાર ચાલુ ન થાય તયા સુધી ભાડા માફ કરવા અને ૨૦/૨૧વષ થતા પરવાનેદાર રીન્યુલ મા ૧૦ % વધારો નકરવા દયાને નાનામોટા પરવાનેદાર કહેવાય છેકે પરવાનેદાર નિગમ કમાઓ દિકરી છે પરવાનેદાર પરિવાર દયાને લઇ ઘટતો કરવા વિનંતી છે.

# પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે પાણીના મામલે જૂથ અથડામણ




કોરોનાવાયરસ ની મહામારી વચ્ચે પાટણ પંથકમાં જૂથ અથડામણની ઘટનાઓ પણ વધી રહ્યું છે. ગતરોજ રાધનપુરમાં બનેલી જૂથ અથડામણની ઘટના હજુ શમી નથી ત્યાં શુક્રવાર રાત્રે ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે પાણીના મામલે બે જૂથો વચ્ચે સામસામે પથ્થરમારો તેમજ તેમજ હથિયારો વડે હુમલો થતાં આઠ જેટલા શખ્સોને નાની-મોટી ઈજાઓ થતા તમામને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તો ધરમોડા ગામ માં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસે ચૂસ્ત બંદોબસ્ત તૈનાત કર્યો હોવાનું સુત્રો તરફથી જાણવા મળ્યું છે.

એક તરફ પાટણ પંથકમાં કોરોના ની સંક્રમણને લોકોને ભયભીત કર્યા છે ત્યારે બીજી તરફ બની રહેલા જૂથ અથડામણના બનાવને લઈ અજંપાભરી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધરમોડા ગામે શુક્રવારની રાત્રે પાણીના મામલે ઠાકોરો અને બ્રાહ્મણો વચ્ચે છુટા પથ્થરો ની મારામારી અને હથિયારો ઉછળતા આઠ જેટલા શખ્સો ઈજાગ્રસ્ત બન્યા હતા. તો બનાવના પગલે પોલીસે તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબુમાં લઇ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

બે જૂથો વચ્ચે સર્જાયેલી મારામારીના બનાવને લઈ ધરમોડા ગામ માં સન્નાટો છવાઈ ગયો હતો.

સામસામે નોંધાઈ ફરીયાદ થયેલ જુથ અથડામણ માં ઠાકોર જૂથ દ્વારા સામા પક્ષે નોંધાયેલ ફરી યાદ (૧) દુષ્યંત કુમાર લાભશંકર દવે (૨) જયદેવ લાભશંકર દવે (૩) પ્રેમશંકર ધનેશ્વર દવે (૪) રાજુભાઈ ડાહ્યાલાલ દવે (૫) રાજુભાઈ ના બન્ને દીકરા તમામ રહે. ધરમોડા

તો સામા પક્ષે જુથ દ્વારા (૧) કપુરજી પ્રતાપજી ઠાકોર (૨) મહિપતજી છેલાજી ઠાકોર (૩) રમેશજી છેલાજી ઠાકોર (૪) પૃથ્વીજી ઠાકોર (૫) ડાહ્યાજી પ્રતાપજી ઠાકોર સામે ફરીયાદ નોંધાવી હતી આ બાબતે ચાણસ્મા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે આ લખાય છે ત્યાં સુધી કોઈ ઈસમો ની ધરપકડ કરાઈ નથી

અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા

# સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીના વચ્ચે આવેલુ ગુજરાતનું મેઘવાળ ગામના લોકોની કફોડી સ્થિતિ

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

કોરોના ના કહેરને કારણે છેલ્લા બે મહિનાથી દેશભરમાં લોકડાઉન ચાલી રહ્યું હોય જોકે હવે નિયમો હળવા કરવામાં આવ્યા છે. અને સરકાર દ્વારા કેટલીક શરતો આધીન છૂટછાટ પણ આપવામાં આવી છે. જોકે lockdown ના આ સમયગાળા દરમિયાન ગ્રામ્ય વિસ્તારના લોકોની હાલત કફોડી થઇ ગઇ હતી.જોકે સૌથી વધુ હાલત ગુજરાત રાજ્યનું એક ગામ પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીના હદમાં વચ્ચેના આવેલા ગુજરાતના મેઘવાળ ગામની થઈ છે.

મેઘવાળ ગામની ૭૦૦૦ થી વધારેની વસ્તી છે .જોકે ભૌગોલિક રીતે ગુજરાતનું આ મેઘવાળ ગામ સંઘપ્રદેશ દાદરાનગર હવેલીની સરહદથી ઘેરાયેલું છે. તમામ બાજુ દાદરા નગર હવેલીની સીમાઓ છે જ્યારે વચ્ચે ટાપુ ની જેમ ગુજરાતનું આ મેઘવાળ ગામ છે. મેઘવાળ ગામના લોકો જીવન જરૂરિયાત રોજગારી માટે દાદર નગર હવેલી પર નિર્ભર છે . ૨૫૦૦ થી વધુ લોકોને રોજગારી માટે પણ સેલવાસની કંપનીઓ છે . જોકે દાદર નગર હવેલીનું પ્રશાસન કેન્દ્ર સરકાર નું છે. એ સંઘ પ્રદેશ ગુજરાત રાજ્ય પર નિર્ભર છે. પરંતુ પ્રશાસન ની મનમાની સંઘ પ્રદેશમાં કામ કરતા હજારો કામદારો કફોડી સ્થિતિ સર્જાઈ છે. અત્યારે..કોરોના મુક્ત હોવાથી દાદરા નગર હવેલી એ તમામ સરહદો સીલ કરી દીધી છે. આથી ગુજરાતના લોકોને પ્રવેશવા દેવામાં આવતા નથી .ત્યારે આવી પરિસ્થિતિમાં આ ગામના લોકોની હાલત કફોડી થઈ છે. કારણ કે તેઓ ડબ્બામાં પુરાઈ ગયા હોય તેવો ઘાટ સર્જાયો છે. ગામના લોકો ને બે મહિનાથી રાંધણ ગેસના સિલિન્ડરો પણ નથી મળી રહ્યા . સાથે જ ગામમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ કાર્યરત સ્ટાફ અત્યારે ફિલ્ડ ડયુટી માં હોવાથી તેઓ અઠવાડિયામાં ત્રણ વખત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લે છે .જોકે રાહતની વાત એ છે કે છેવાડાના ગામમાં દર ત્રણ દિવસે આરોગ્ય કર્મીઓ ઘરે ઘરે જઈ લોકોને તેમની તબિયત વિશે પૂછે છે. અને કોરોના અને અન્ય બીમારી ના કોઈ લક્ષણો દેખાય તો તેઓને સારવાર માટેની વ્યવસ્થા કરવામાં આવે છે.. વધુમાં ગુજરાતનું આ ગામ હોવા થી વલસાડ જિલ્લાના ભીલાડ વીજ સબવિઝનમાં આવે છે.. જયારે ગામમાં કોઈ વીજ ફોલ્ટ સર્જાય ગામના લોકો ભીલાડ વીજ વિભાગનો સંપર્ક કરે છે. પરંતુ વચ્ચે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી આવેલું હોવાથી વીજ કર્મીઓને પણ દાદરા નગર હવેલીમાં થી મેઘવાળ ગામમાં લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે .આથી કલાકો સુધી ગામલોકોએ જ લાાઈટ વિના જ પરેશાન થવું પડે છે.તમામ બાજુ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી થી ઘેરાયેલા ગુજરાતના છેવાડાના ગામના લોકોની હાલત કફોડી થઇ છે .ત્યારે એકલા પડેલા ગુજરાતના ગામના લોકોની મુસીબત સંઘપ્રદેશ દાદરા નગર હવેલી નું પ્રશાસન સમજે અને મેઘવાળ ગામના લોકોને રાહત આપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે..

# માનવ સેવા એ માધવ સેવાના ઉદ્દેશ સાથે ગુજરાત સેવા મંડળ દ્વારા ફુડ પેકેટ વિતરણ કરવામા આવ્યુ



હાલ ની કોરોના વાયરસ ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ શ્રી ગુજરાતી સેવા મંડળ સિકંદરાબાદ ના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ પટેલ અને તેમના નાનાભાઈ અને ટ્રસ્ટી સેક્રેટરી શ્રી જશભાઈ પટેલ દ્વારા બેરોજગાર જરૂરિયાત મંદ પરિવારોની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ કરી ×માનવ સેવા એ માધવ સેવા×ના ઉદ્દેશ સાથે ખુબ જ પ્રશંસનીય કાર્ય એટલે કે નિયમિત રીતે જ્યાં સુધી યથાવત જનજીવન ન થાય ત્યાં સુધી પ્રતિદિન ફુડ પેકેટ વિતરણ કરી ગરીબ લોકોને સહાય રૂપ થવા હાકલ કરી.

સરકારશ્રીના પ્રથમ લોક ડાઉન ના પ્રથમ દિવસથી શ્રી જશભાઈ પટેલ ના માર્ગદર્શન નીચે શ્રી વિષ્ણુભાઇ પટેલ અને શ્રી છોટુભાઈ ની ટીમ દ્વારા ગુજરાતી સ્કૂલના પટાંગણમાં સોશ્યલ ડિસ્ટન્સ રાખીને વહેલી પરોઢથી દસ વાગ્યા સુધીમાં પાંચ હજાર ફુડ પેકેટ તૈયાર થઈ ગયા અને ગુજરાત સેવા મંડળના કમિટી મેમ્બરો અને કર્મચારી ગણ દ્વારા સ્થાનિક પોલીસની મદદથી બપોરના બાર વાગ્યા સુધીમાં વિતરણ પૂર્ણ કર્યું.

ત્યારબાદ બીજું, ત્રીજું અને ચોથું લોક ડાઉન સરકારશ્રી તરફથી લાગુ કરવામાં આવ્યું. પરંતુ ઉપરોક્ત બંને પાટીદાર ભાઈઓએ નિશ્ચય કર્યો કે જ્યાં સુધી યથાવત પરિસ્થિતિ ન થાય ત્યાં સુધી અન્નદાન એટલે કે પ્રતિદિન ૫૦૦૦ ફુડ પેકેટ અવનવી વાનગીઓ સાથે તૈયાર કરી મોકલવા.

ઉપરોક્ત અને દાનની પ્રવૃત્તિ થી પ્રભાવિત થઈ હૈદરાબાદ સિકંદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મૈયર શ્રી, મંત્રીશ્રી શ્રીનિવાસ યાદવ, પોલીસ અધિકારીશ્રી અંજની કુમાર સાહેબ વિગેરે મહાનુભવોએ આ અન્નદાન પૂરી પાડતી શ્રી ગુજરાતી સેવા મંડળ ની સંસ્થા ની મુલાકાત લઇ આ અને દાનના કાર્યને બિરદાવ્યું. પોલીસ અધિકારીશ્રી તરફથી અન્નદાન માટે ફૂડ પેકેટ વિતરણ સહાય માટે મદદરૂપ થવા ખાતરી આપી પોતાના પોલીસ સ્ટાફ મેમ્બરો દ્વારા પણ જરૂરિયાત મંદ ગરીબ માણસોને ફૂડપેકેટ વિતરણ કરવા આદેશ કર્યો.આ ભગીરથ કાર્ય માટે ટ્રસ્ટી સેકેટરી શ્રી જશભાઈ પટેલ અને મંત્રીશ્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ પોતાના કમિટી મેમ્બરો, અને કર્મચારીઓ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરતા જણાવે છે કે, આ ભગીરથ કાર્ય માટે અનુદાન આપનાર દાતાઓ અને કર્મચારીગણ નો ખૂબ દિવસ-રાત અથાક પ્રયત્ન અને મહેનત થી કાર્ય થઈ શક્ય બન્યું છે

અહેવાલઃતરુણ ભાઈ મહેતા

### કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે

# પીએસઆઇ એલ.જે.વાળા ની કામગીરી બદલ શુભેચ્છા પાઠવી



કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે પીએસઆઇ એલ.જે. વાળા ની કામગીરી બદલ શુભેચ્છા પાઠવી. પ્રાપ્ત વિગતો અનુસાર સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ ની મહામારી વચ્ચે લોકો માટે સુરક્ષા સેતુ સમાન પોલીસ અને મીડિયા દ્વારા સુંદર રીતે કામગીરી બદલ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા લોકો દ્વારા પોતાના સ્વાસ્થ્ય ની ચિંતા કરતા પોલીસ જવાનો તેમજ મીડિયા કર્મીઓ ને સન્માનપત્ર તેમજ પુષ્પ આપી ને સનમાનીત કરી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે પીએસઆઇ એલ.જે. વાળા ની કામગીરી બદલ ડોકટર કનુભાઈ જોષી. ડોકટર વનરાજસિંહ વાઘેલા. અરવિંદ ગોહિલ. અજુભા ડાભી. વિક્રમસિંહ વાઘેલા સીપીઆઈ રાઈટ ૨. તેમજ અન્ય મિત્રો એ સનમાનિત કરવા માટે દોડી આવ્યા હતા ત્યારે ડોકટર કનુભાઈ જોષી એ સાલ તેમજ ગૌ માટે નો ફોટો આપી ને ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી જેમાં ડોકટર વનરાજસિંહ વાઘેલા એ પુષ્પ આપી ને પોતાની કામગીરી ફૂલોની સુગંધ ભળે એવા આશિષ પાઠવ્યા હતા ત્યારે અચાનક શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઇ એલ.જે. વાળા ની બદલી થતાં તેમની જગ્યાએ એસ.વી. આહીર નવા પીએસઆઇ તરીકે ચાર્જ લઈ ને શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર થતાં સમગ્ર તાલુકામાં આનંદ ની લાગણી વ્યક્ત કરવામાં આવી છે ત્યારે નવા પીએસઆઇ એસ.વી. આહીર ખુબજ લોકપ્રિય બની ને કામગીરી કરશે તેવી શુભેચ્છા પાઠવી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.